ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• **E-mail:** gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                                                    તા. 31-03-2022

- **ભાજપ સરકાર લોકતંત્રની હત્યા કરવાનું કામ કરી રહી છે**
- **ગાંધી-સરદારના ગુજરાતમાં મહિલાઓ સાથેના આ પ્રકારના અસભ્ય વર્તન, લોકતંત્રને ખતમ કરવાના પ્રયત્નને સાંખી લેવામાં નહીં આવે.**
- **બેફામ વધતી મોંઘવારી, મળતીયા સંગ્રહખોરો, કાળા બજારીયાઓની અસહ્ય લૂંટને રોકવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ**

વિપક્ષના અવાજને દબાવવા પોલીસ દ્વારા ભાજપ સરકારની દમનગીરી પર આકરા પ્રહાર કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી પવન ખેરાજીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપ સરકાર લોકતંત્રની હત્યા કરવાનું કામ કરી રહી છે. વિપક્ષનો ધર્મ જનતાનો અવાજ સરકાર સામે ઉઠાવવાનો છે ત્યારે કોંગ્રેસ પક્ષ મોંઘવારીમાં પીસાઈ રહેલી જનતાના અવાજને બુલંદ કરવા સમગ્ર દેશમાં ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું સબળતાથી જ્યારે કોંગ્રેસ પક્ષ મોંઘવારીનો પ્રશ્નો ઉઠાવી રહી હતી ત્યારે અમદાવાદ ખાતે રાજીવ ગાંધી ભવન પર પોલીસના ધાડેધાડા ખડકલો કરી દેવામાં આવ્યો હતો. ગેરકાયદેસર રીતે સવારથી જ પોલીસ દ્વારા મીડિયા રૂમ, સ્ટોર રૂમ અને અન્ય રૂમો સહિત મુખ્ય ઓફિસ ઈન્ચાર્જ રૂમમાં પણ તપાસ કરવામાં આવી હતી. આનાથી પણ વિશેષ રાજીવ ગાંધી ભવનના પટાંગણમાં થી જ મહિલા કોંગ્રેસના "મોંઘવારીના પુતળા" ને લઈ **લેવા પોલીસના અધિકારીઓ - જવાનો ઓફિસની અંદર સુધી ઘૂસીને મહિલા કાર્યકર્તાઓ સાથે અસભ્ય વર્તન કરી, ઝપાઝપી, ટીંગાટોળી કરી હતી જે અંગ્રેજોના શાસનને પણ શરમાવે તેવી ઘટના** છે. કોંગ્રેસ પક્ષના કાર્યકરને ભાજપ જેટલો ડરાવવાનો પ્રયત્ન કરશે તે એટલો જ બમણી શક્તિથી અન્યાય સામેનો અવાજ ઉઠાવતા રહેશે. ગાંધી-સરદારના ગુજરાતમાં મહિલાઓ સાથેના આ પ્રકારના અસભ્ય વર્તન, લોકતંત્રને ખતમ કરવાના પ્રયત્નને સાંખી લેવામાં નહીં આવે. પોલીસના ગેરબંધારણીય કૃત્ય સામે કાયદાકીય રીતે ફરીયાદ કરાશે.

બેફામ વધતી મોંઘવારી, મળતીયા સંગ્રહખોરો, કાળા બજારીયાઓની અસહ્ય લૂંટને રોકવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખશ્રી જગદીશ ઠાકોરએ જણાવ્યું હતું કે બેકાબુ બનેલી મોંઘવારી, સતત ઘટતી આવકથી સામાન્ય-મધ્યમ વર્ગ આર્થિક હાલાકીનો ભોગ બની રહ્યો છે. મોંઘવારીમાં પીસાઈ રહેલી જનતાના અવાજ માટે કોંગ્રેસ પક્ષે ગુજરાતના તમામ જીલ્લાઓમાં ધરણાં – પ્રદર્શનના કાર્યક્રમો યોજ્યા હતાં. 'અચ્છે દિન, બહુત હુઈ મહેગાઈ કી માર' જેવા માત્ર સૂત્રો આપનાર ભાજપ સરકારનાં અણઘડ વહીવટ અને મળતી તેલ મિલરોની સાઠગાંઠથી જનતા પરેશાન થઈ છે. રોજિંદા જીવનમાં વપરાતી દવાઓમાં ૧૦ ટકા જેટલો ભાવ વધારો થયો છે. ૧૦૦થી વધુ શહેરોમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૦૦ને આંબી ગયા છે. વર્ષ ૨૦૧૩માં પેટ્રોલ ૬૮.૦૪ આજે વર્ષ ૨૦૨૨માં ૧૦૧.૮૧ અને ડીઝલ વર્ષ ૨૦૧૩માં ૪૮.૧૬થી વધીને વર્ષ ૨૦૨૨માં ૯૩.૦૭ રૂપિયાનો અધધ ભાવ વધારો થયો છે. સીએનજીનાં ભાવમાં પણ વર્ષ ૨૦૧૩માં ૩૫.૦૨ પ્રતિ કિલોમાં મોટો ઉછાળો થઈ આજે ૭૦.૦૨ પ્રતિ કિલો જેટલો થયો છે. વર્ષ 2014-15 થી વર્ષ 2021-22ના આઠ વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે પેટ્રોલ – ડીઝલમાં સતત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઝીંકીને 26 લાખ કરોડ જેટલી જંગી રકમ દેશની જનતા પાસેથી વસુલી છે, લૂંટ ચલાવાઈ છે.કિરાણા ખર્ચમાં છ મહિનામાં 9.3 ટકા અને બે વર્ષમાં 44.97 ટકાનો જંગી વધારાથી મહિને ઘરના બે છેડા ભેગા કરવામાં ભારે મુશ્કેલીનો ગૃહિણીઓ સામનો કરી રહી છે. ઘરના બજેટ પણ ખોરવાઈ ગયા છે. સીંગતેલ – કપાસીયા તેલના ડબ્બાના બમણા ભાવ, તેલમિલરો અને ભાજપ સરકારની સાંઠગાંઠથી જનતા પરેશાન છે. સીંગતેલના એક ડબ્બાનો ભાવ 2700 રૂપિયા, પામોલીન તેલના 2400 રૂપિયા અને સોયાબિન તેલના 2200 રૂપિયા થઈ ગયા છે.

કપાસીયા અને સીંગતેલના ભાવ લગભગ સરખા થઈ ગયા છે. સાબું – ટુથપેસ્ટ, માઉથવોશ, શેમ્પુના ભાવમાં પણ ફરી વધારો કંપનીઓ કરી રહી છે, દશ ટકા ભાવ વધારાથી પરિવારોનું બજેટ ખોરવાયું છે.

સમગ્ર દેશ ભાજપ સરકારની જનતા વિરોધી, વિકાસ વિરોધી પોકળ નીતિઓથી વાકેફ થઈ ગયો છે. મોઘું શિક્ષણ, મોંઘી આરોગ્ય સેવા, વીમા કંપનીના વધતા જતા પ્રિમીયમ, ઘટતા જતા પગારથી સામાન્ય – મધ્યમવર્ગના પરિવારો આર્થિક તકલીફોનો સામનો કરી રહ્યાં છે. ગેસના બાટલામાં 50 રૂ. નો ફરી વધારાથી રૂ. 1000ના ભાવે પહોંચી ગયો છે જે વર્ષ 2014માં 400 રૂપિયાનો બાટલો મળતો હતો, તેલ, મસાલા, સાબુ, સોડા, સહિતની જીવન નિર્વાહની ચીજ વસ્તુઓના વધતા જતા ભાવ થી સામાન્ય - મધ્યમ વર્ગની કમર તૂટી રહી છે. મહિલાઓને મોંઘવારીની ભેટ આપતી ભાજપ સરકારમાં જીત પછી અહંકાર, નિરંકુશતા અને મોંઘવારીના દિવસોના લીધે દેશની અને રાજ્યની જનતા સામનો કરી રહી છે. “બહુત હુઈ મહંગાઈ કી માર”, “અચ્છેદિન” ના રૂપાળા સૂત્રોથી સત્તા મેળવનાર ભાજપ સરકારમાં મોંઘવારી આસમાને, ભાજપા સરકારમાં સંગ્રહખોરો, કાળાબજારીયાઓ બેફામ છે. કોરોના મહામારી અને આર્થિક હાલાકીમાં મોંઘવારીના બેફામ મારથી સામાન્ય – મધ્યમવર્ગને જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે

| | માર્ચ-20 | માર્ચ-22 |
|---|---|---|
| સૌયા તેલ | 95 | 165 |
| સનફ્લાવર તેલ | 111 | 190 |
| સરસવ તેલ | 120 | 200 |
| ખાંડ | 34 | 38 |
| તુવેરદાળ | 80 | 110 |
| ચણા દાળ | 54 | 70 |
| મગ દાળ | 80 | 105 |
| અડદ દાળ | 90 | 120 |
| કાબુલી ચણા | 75 | 125 |
| ચોખા | 44 | 64 |
| રાજમા | 85 | 170 |
| લોટ | 22 | 29 |
| મીઠું | 18 | 24 |
| પૌંવા | 33 | 60 |

| વિગત | 2013 | 2021 |
|---|---|---|
| પેટ્રોલ | 68.34 | 101.81 |
| ડીઝલ | 48.16 | 95.07 |
| સી.એન.જી. | 35.2 | 74.59 |
| ગેસ સીલીન્ડર | 410 | 956.50 |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા